# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-06-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળના 11 વર્ષ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 11 વર્ષનો કાર્યકાળ 140 કરોડ દેશવાસીઓ માટે વિકાસનો દાયકો બન્યો છે. NDAની કેન્દ્ર સરકારે 11 વર્ષ પૂર્ણ કરવા સંદર્ભે ગાંધીનગરમાં કમલમ ખાતે યોજાયેલી ભાજપની પત્રકાર પરિષદમાં શ્રી પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાત સૌથી વધુ રોજગારી આપતુ રાજ્ય બન્યુ છે.

આ પત્રકાર પરિષદ થકી 11 વર્ષના કાર્યકાળના હિસાબની માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ સંકલ્પથી સિદ્ધી અંતર્ગત 11 વર્ષના કાર્યકાળની ઝાંખી દર્શાવતી પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરાયું હતું.

--------------------------------------------------------------------------------

## કચ્છમાં ગ્રામ પંચાયત ચુંટણી-૧:

કચ્છમાં આગામી 22 જૂને યોજાનાર 407 ગ્રામ પંચાયતની ચૂંટણીનો માહોલ ઘડાઈ રહ્યો છે. ફોર્મ ભરવાના આખરી દિવસે ગઈકાલે ગ્રામીણો ઉમેદવારોના સમર્થનમાં ફોર્મ ભરવાના સ્થળે ઉમટી પડ્યા હતા. જિલ્લામાં સરપંચ પદ માટે 200 અને અને સભ્યપદ માટે 700 જેટલા ફોર્મ વહીવટી કચેરીએ રજૂ કરાયા છે. આ તમામ ઉમેદવારીપત્રોની આજે ચકાસણી કરવામાં આવી હતી અને આવતીકાલ સુધીમાં ફોર્મ પરત ખેંચી શકાશે. ત્યારબાદ મેદાનમાં કેટલા ઉમેદવારો વચ્ચે જંગ જામશે તે સ્પષ્ટ થશે. મતદાન બાદ 166 ગ્રામ પંચાયતને વહીવટ દાર શાસનથી મુક્તિ મળશે.

તાલુકાવાર વિગતો જોઈએ તો મુન્દ્રા તાલુકામાં 26 ગામમાં યોજાનાર ચૂંટણીમાં સરપંચ પદ માટે કુલ 92 ફોર્મ ભરાયા છે, જ્યારે સભ્ય પદ માટે કુલ 434 લોકોએ રસ દાખવ્યો છે. તાલુકામાં 3 પંચાયત સમસર જાહેર થઈ છે.

માંડવી તાલુકામાં પણ ગ્રામીણોમાં લોકશાહીના પર્વ માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માંડવી તાલુકામાં કુલ 59 સ્થળે ચૂંટણી યોજાઈ શકે છે. આ માટે સરપંચ પદ માટે 43 જણે જ્યારે સભ્યપદ ઉપર 230 લોકોએ ઉમેવારી નોંધાવી છે. સૌથી મહ્ત્વનની ગણાતી મોટા લાયજામાં 25, નાના ભાડિયામાં 20 નામાંકન પત્ર ભરાયા છે.

---

## કચ્છમાં ગ્રામ પંચાયત ચુંટણી-૨:

લખપત તાલુકામાં 6 ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે. આ માટે સરપંચ પદ ઉપર આરૂઢ થવા કુલ 12 અને સભ્ય પદ મેળવવા 58 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા.

અબડાસામાં ચૂંટણી માટે તરવરાટ જોવા મળી રહ્યો છે. અબડાસા તાલુકામાં 6 ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે. સરપંચ માટે કુલ 11 અને સભ્ય પદ હાસિલ કરવા કુલ 58 લોકોએ વડા મથક નલિયા ખાતે ઉમટી ફોર્મ ભર્યા હતા.

નખત્રાણામાં ફોર્મ ભરવા ભારે ઘસારો થયો હતો નખત્રાણા તાલુકામાં 13 ગ્રામ પંચાયતમાં સામાન્ય જ્યારે 37 સ્થળે પેટા ચૂંટણી યોજાશે. તાલુકામાં સરપંચ પદ માટે કુલ 50 અને સભ્યપદ માટે કુલ 143 ફોર્મ ભરાયા હતા.

ભુજ તાલુકો ગ્રામ પંચાયત ચૂંટણી માટે ઉત્સુક બન્યો છે. ભુજ તાલુકામાં 35 સામાન્ય અને 37 સ્થળે પેટા ચૂંટણી યોજાશે. ભુજ તાલુકામાં વિવિધ ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે 102 અને સભ્ય પદ માટે 502 લોકોએ ફોર્મ ભર્યા હતાં. સૌથી વધુ ફોર્મ માધાપર નવાવાસ ગ્રામ પંચાયત માટે 71 જણે ઉમેદવારી નોંધાવી હતી. જયારે, અંજાર તાલુકામાં સરપંચ સહિતના પદ માટે 407 ફોર્મ તાલુકા પંચાયત કચેરી ખાતે રજૂ થયા હતા.

---

## કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નિમણુંક:

આગામી ૨૨ મી જુને ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે ત્યારે આ ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણ પણે નિયંત્રણ રાખી શકાય તે હેતુથી ચૂંટણી માટે નિમવામાં આવેલા ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ ઓફિસરઓ અને મદદનીશ ઝોનલ ઓફિસરને જે વિસ્તાર માટે નિમણૂંક કરવામાં આવી હોય તે વિસ્તાર અને સમયગાળા માટે ગ્રામ પંચાયતોની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નીમવામાં આવ્યા છે.

---

## ધરણા પર બેસવા પર પ્રતિબંધ:

જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના પરિસરની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા પર મનાઇ ફરમાવવામાં આવી છે.

જિલ્લા સેવા સદન, ભુજ તથા દરેક તાલુકા મથકે આવેલા તાલુકા સેવા સદનો, તેમજ પોલીસ મહાનિરીક્ષકની કચેરી સહિતની કચેરીઓ, દરેક પોલીસ સ્ટેશનો, જાહેરસ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા અંગે મનાઇ ફરમાવતું જાહેરનામું પણ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામાનો અમલ ૨૪ જુન સુધી કરવાનો રહેશે.

એજ રીતે જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતાં વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદન પત્ર આપવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

---

## જીલ્લામાં હથિયાર બંધી:

જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો, મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭

(૧) અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણે આગામી તા.૨૪ જુન સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

---

## કોરોનાના કેસ:

જીલ્લામાં આજે કોરોના ના વધુ ૫ કેસ નોંધાયા છે. આ તમામ ને હોમ આઇસોલેશનમાં રાખવામાં આવ્યા હોવાનું આરોગ્ય તંત્રે જણાવ્યું છે. આ સાથે જીલ્લામાં કોવીડ-૧૯ ના સક્રિય કેસોની સંખ્યા ૨૧ થઇ છે.

---